


RNI No. GUJGUJ/2011/44815

શ્રી લોહાણા મહાપરિષદનું મુખપત્ર

# શ્રી રઘુકુળ વિશ્વ

VOL - 8 • ISSUE NO - 10 • 5th OCTOBER - 2020 • RETAIL PRICE : RS. 10/- • PAGE - 16


વાત સાવ ટુંકી ને ટચ છે, લાગણીઓ લાંબી લચ છે;
સુખ અને દુ:ખ બે છેડા, જિંદગી વચો વચ છે !!!





## નવરાત્રીની હાર્દિક શુભેચ્છાઓ





## હકારાત્મકતા - કોરોના કાળમાં જિંદગીને મધુર બનાવવાની સંજીવની

**વ્હાલા સૌ જ્ઞાતિજનો, વડીલો અને યુવા ભાઈ-બહેનો,**

**સૌને જય જલારામ... જય રઘુવંશ... જય મહાપરિષદ**

સમગ્ર ભારત વર્ષ દ્વારા ગત તા. ૨ ઓકટોબરના મહાત્મા ગાંધીની ૧૫૧ મી જન્મ જયંતી ઉજવાઈ. આ પ્રસંગે મને ગાંધીજી અને મહાદેવ દેસાઈ વચ્ચેનો એક સંવાદ યાદ આવે છે... એક વખત તેઓ બન્ને ઝાડની નીચે બેઠા હતા, ત્યારે ઝાડ પરથી એક પાંદડુ નીચે પડ્યું, ગાંધીજીએ મહાદેવભાઈને કહ્યુ આ પાંદડુ નીચે પડવાથી કંઈ સમજાયું ? મહાદેવભાઈ કહે આ પાંદડુ નીચે પડ્યું છે પણ પાંદડા કરતા ઝાડ શ્રેષ્ઠ છે તે કાયમ રહેશે. ગાંધીજી કહે ઝાડ પણ નાશ પામશે પરંતુ જંગલ નષ્ટ નહી થાય કેમ કે ઝાડ કરતા જંગલ શ્રેષ્ઠ છે, અરે જંગલ પણ નષ્ટ થશે પરંતુ જગત એનું એજ રહેશે કેમકે જંગલ કરતા જગત શ્રેષ્ઠ છે. પછી આગળ ગાંધીજી કહે છે જગત પણ નષ્ટ થશે પરંતુ મોહબ્બત, પ્રેમ, સત્ય, કરૂણા, સહાનુભુતિ, પરોપકાર, તમારામાં રહેલું હકારાત્મકતાનું સત્ય હમેંશા કાયમ રહેશે. ભાઈઓ - બહેનો, બસ આ મુહોબ્બતના મહાસાગર રચી, પ્રેમની પરબો બાંધી, લાગણીની લહાણી કરીને હકારાત્મક્તાની હારમાળા સર્જવી આજના આપત્તિજનક કોરોના કાળના કપરા સમયમાં જિંદગીને મધુર બનાવવાની સંજીવની છે તેવું મારૂ માનવું છે.

આપણા આજના આ અઘરા અને ક્યારેય ન અનુભવેલા પડકારજનક સમયમાં સકારાત્મક થવાની, રચનાત્મક કે પોઝિટિવ થવાની વાત વધુ જોરશોરથી ચર્ચામાં છે. કારણ કે આપત્તિના આ મુશ્કેલ કાળમાં નકારાત્મક બાબતો વેગથી વધી રહી છે. ટુંકા ગણિતો ઉમેરાતા જાય છે. માણસ ખુદને ભૂલી જવાની અણી પર છે. શ્રદ્ધા સ્થાનો પણ નઝર સામે રહ્યા નથી. કહો કે સકારાત્મક્તા અને હકારાત્મક્તાનું વાતાવરણ છિન્ન થતું જોવાય છે. સામાજીક અને પારિવારીક જીવન પર તેની વિપરીત અસરો પડતી જાય છે. કોરોના ને લીધે બેકારી, ધંધા રોજગાર પર માઠી અસર, સ્પર્ધાઓ, તિરાડો, ખાઈઓ, ઘરેલુ હિંસા, દરાર કે એવા શબ્દોનું જોર વધ્યું છે. સરવાળે માણસ ટકે તો કેવી રીતે ? શાંતિ મળે તો કેવી રીતે ? સુખાનુભવ થાય તે કેવી રીતે ? મારી દ્રષ્ટિએ કદાચ સૌથી મોટો સ્ત્રોત એ માટે માણસ પોતે છે. હકારાત્મક્તા કોઈ જાદુઈ વસ્તું નથી. માણસની ભીતરજ હકાર - નકાર ઉભય છે. માણસે ખુદે પોતાનું રૂપાંતર કરીને નકારાત્મક્તાને છોડતાં છોડતાં હકાર કે હકારાત્મક્તાને પર આવવાનું છે.

સૌપ્રથમ તો આપણે આપણા ખુદનો સ્વીકાર કરવાનો છે. મારૂ અવતરણ કોઈ મહત્વની ઘટના માટે છે. હું ઈશ્વરનો પ્રત્યક્ષ કે પરોક્ષ પ્રતિનિધિ છું. મારા દરેક પ્રયત્ન સફળતા માટે છે, સત્ કાર્ય માટે છે, મારા પરિવાર, મારા સમાજ અને સૌના વ્યાપક હિત માટેના છે અને તેમ થઈને જ રહેશેં, તેવું દ્રઢતા સાથે વિચારીને આગળ વધીશું તો ઈશ્વરના આપણને અનિવાર્ય પણે આશીર્વાદ પ્રાપ્ત થવાના જ છે. બસ આપણો આશય શુદ્ધ હોવો ઘટે. મિત્રો, માતૃસંસ્થા શ્રી લોહાણા મહાપરિષદ તેની સ્થાપનાથી લઈને આજ દિન સુધી 'સર્વજન હિતાય, સર્વજન સુખાય' ના ભાવ સાથે હકારાત્મક્તાના પથ પર સૌ રઘુવંશીઓને ઉપયોગી બનવા જુદા જુદા પ્રકલ્પોના માધ્યમથી નમ્ર પ્રયાસો કરે છે. છેલ્લા છ માસથી કોરોના ના કારણે તકલીફ અને મુશ્કેલીમાં મુકાયેલા રઘુવંશીઓ અને આમ જનતાને વિવિધ રીતે મદદરૂપ થવાનો આપણે ઉમદા પ્રયાશ કર્યો. હવે કોરોનાનો ભોગ બનેલા રઘુવંશીઓ અને તેના પરિવારને મદદરૂપ થવા આપણે માતૃસંસ્થાના માધ્યમથી રઘુવંશી કોરોના સુરક્ષા યજ્ઞ શરૂ કર્યો છે. આ સુરક્ષા યજ્ઞ માટે સહયોગી સૌ દાતાશ્રીઓ, હોદ્દેદારશ્રીઓ, જ્ઞાતિના ડોક્ટર્સ અને પેરામેડીકલ સ્ટાફને હું ધન્યવાદ પાઠવી આભાર વ્યક્ત કરૂ છું, તો સાથે સાથે દરેક મહાજન, શ્રેષ્ઠીઓને પણ અપીલ કરૂ છું કે આપ પણ સ્થાનિક દાતાઓ અને સ્વયંસેવકોના સહયોગથી આવો સેવાયજ્ઞ શરૂ કરો કે જેથી જ્ઞાતિના છેવાડાના વ્યક્તિને કોરોના થી બચાવવા મદદરૂપ બની તેઓના સમગ્ર પરિવારને મુશ્કેલીમાંથી ઉગારી શકાય. સકારાત્મક કાર્યો દ્વારા હકારાત્મક્તા માટેનું આનાથી ઉત્તમ ઉદાહરણ બીજું શુ હોય શકે ?

માતૃસંસ્થાના હકારાત્મક્તાના સેવાયજ્ઞનાં જે જ્ઞાતિ શ્રેષ્ઠીઓ, દાતાઓ અને સેવકોનો નિસ્વાર્થ સહયોગ પ્રાપ્ત થાય છે તે સૌ પરત્વે કૃતજ્ઞતા પ્રગટ કરૂ છું. તાજેતરમાં જ રઘુવંશી શ્રેષ્ઠીઓ સર્વશ્રી પ્રતાપભાઈ દત્તાણી, શ્રી ચંદુલાલભાઈ ડી. ઠક્કર, શ્રી ભાઈલાલભાઈ ઠક્કર, શ્રી દેવચંદભાઈ ઠક્કર, શ્રી કિશોરભાઈ ઠક્કર જેવા ઉમદા જ્ઞાતિરત્નો અને શ્રેષ્ઠ દાતાઓને આપણે ગુમાવ્યા છે તે બદલ ઉંડા દુ:ખની લાગણી અનુભવું છું. રઘુવંશી સમાજને તેઓની ખોટ હમેંશા સાલશે. તેઓએ સ્થાપેલા સંસ્કારો અને માનવસેવાની સરવાણીને આપણે સૌ સાથે મળી આગળ ધપાવીએ એ જ તેઓને સાચી શ્રદ્ધાંજલિ ગણાશે. આ સૌ દિવગંતોના આત્માને પ્રભુ પરમ શાંતિ આપે તેવી પ્રાથના...

અંતમાં, જ્ઞાતિ અને સમાજ ઉપયોગી રચનાત્મક કાર્યો દ્વારા આપ સૌને હકારાત્મક્તાનાં રાહબર બનવાની હાર્દિક શુભેચ્છાઓ .

**પ્રવિણ કોટક, પ્રમુખ, શ્રી લોહાણા મહાપરિષદ**

ઓક્ટોબર - 2020

માલિક
શ્રી લોહાણા મહાપરિષદ

પ્રકાશક : પ્રવિણ ટી. કોટક
તંત્રી : પ્રોફે. ચંદ્રકાન્ત જે. તન્ના
વ્યવસ્થાપક મંત્રી : હરીશ બી. ઠક્કર

વિભાગીય સંકલકશ્રીઓ :
ગુજરાત : શંકર કતીરા (ડીસા)
સૌરાષ્ટ્ર : અશોક હિંડોચા (રાજકોટ)
કચ્છ : રાજેશ પલણ (નખત્રાણા)
વિદર્ભ સહ મધ્ય ભારત : જયપ્રકાશ વસાણી (નાગપુર)
મુંબઈ સહ મહારાષ્ટ્ર : મુકેશ કોટક (મુંબઈ)
ઉત્તર - પૂર્વ ભારત : મુકેશ ઠક્કર (કટક)
દક્ષિણ-ભારત : ભરત ઠક્કર (કલીકટ)

માર્ગદર્શકશ્રીઓ :
યોગેશભાઈ લાખાણી
ધીરૂભાઈ મીરાણી (મુંબઈ)
કનુભાઈ આચાર્ય (ડીસા)
ગીરીશભાઈ ડ્રેસવાલા (મુંબઈ)
રમેશચંદ્ર આર. ઠક્કર (ગાંધીનગર)

રજી. કાર્યાલય
બેઝમેન્ટ, ઇસ્કોન મેગા મોલ,
ઇસ્કોન મંદિરની પાસે, એસ. જી. હાઈવે,
સેટેલાઈટ, અમદાવાદ-૩૮૦૦૫૯.
ફોન : (૦૭૯) ૪૦૦૯૧૦૦૫
વેબસાઈટ : www.lohanamahaparishad.org

સભ્યપદ
આજીવન લવાજમ (ભારત) : રૂ. ૨૦૦૦/-
આજીવન લવાજમ (ભારતની બહાર) : રૂ. ૮૦૦૦/-

ઈમેઈલ :
raghukulvishwa@gmail.com
(રઘુકુળ વિશ્વમાં સમાચારો પ્રસિદ્ધ કરવા માટે)
jaymahaparishad@gmail.com
(અન્ય કોઈપણ પ્રકારના પત્રવ્યવહાર માટે)

હેલ્પલાઈન નં. :
૦૭૯-૪૦૦૯ ૧૦૦૫, ૯૯૦૯૯ ૯૯૩૦૮

'શ્રી રઘુકુળ વિશ્વ'માં છપાતી વાંચન સામગ્રી જે તે લેખકનાં પોતાના અભિપ્રાય - વિચારો આધારિત છે. જે બાબતે 'શ્રી રઘુકુળ વિશ્વ' કે શ્રી લોહાણા મહાપરિષદ કોઈ રીતે જવાબદાર રહેશે નહીં તેની સુજ્ઞ વાચકોએ નોંધ લેવી.

## અનુક્રમણિકા


| | |
|---|---|
| માતૃસંસ્થાની અટારીએથી | ૨ |
| તંત્રી સ્થાનેથી | ૪ |
| લેખ – નવરાત્રી | ૫ |
| લેખ – કણ મા મણ | ૬ |
| વિભાગીય સમાચાર | ૭ |
| સ્થાયી સમિતિઓના અહેવાલ | ૮ |
| રઘુવંશી કોરોના સુરક્ષા યજ્ઞ | ૧૦ |
| શાબાશ રઘુવંશી | ૧૩ |
| સંસ્થા સમાચાર | ૧૪ |
| શ્રદ્ધા સુમન | ૧૫ |
| સૌજન્ય જાહેરાત – શ્રી જે. ડી. ઠક્કર, અમદાવાદ | ૧૬ |


## જિંદગી

હું રિસાયો, તમે પણ રિસાયા તો પછી આપણને મનાવશે કોણ ?
આજે તિરાડ છે, કાલે ખાઈ બની જશે તો પછી તેને ભરશે કોણ?
હું મૌન, તમે પણ મૌન તો પછી આ મૌન ને તોડશે કોણ ?
નાની નાની વાતોને દિલથી લગાવી શું, તો પછી સંબધ નિભાવશે કોણ?
છુટા પડીને દુઃખી હું, અને દુઃખી તમે પણ, તો વિચારો ડગલું આગળ વધશે કોણ ?
ના હું રાજી, ના તમે રાજી, તો પછી માફ કરવાની મોટાઈ દેખાડશે કોણ ?
યાદોના ગમ માં ડૂબી જઈશું હું અને તમે, આપણને ધૈર્ય આપશે કોણ ?
એક અહં મારો, એક તારી અંદર પણ, તો પછી આ અહં ને હરાવશે કોણ ?
જિંદગી કોને મળી છે હંમેશ માટે, તો પછી આ વાતને વાગોળવા માટે અહીં રહેશે કોણ ?
આપણા બન્નેનાં મરી ગયા પછી, આ વાત ઉપર પસ્તાવો કરશે કોણ ?
એટલે જ
એકબીજાનું માન રાખો.
ભૂલોને ભૂલી જાવ.
ઈગો ને એવોઈડ કરો.
જિંદગી જેટલી બચી છે, હસતાં હસતાં પુરી કરો.

નમ્ર વિનંતિ છે : એકવાર નહીં પણ વારંવાર વાંચજો જીવનમાં ઉતારવા લાયક વાત છે.

- પ્રવિણ કોટક

**તંત્રી સ્થાનેથી**



# હેલો જિંદગી

સમગ્ર વિશ્વ એક નવી અને વધુ ઉમદા દિશા તરફ આગળ ધપી રહ્યું છે. ટેકનોલોજીએ પુરાય વિશ્વસને આંગળીના ટેરવે રમતા કરી આપણી બદલાયા જીવનશૈલી બદલી નાખી છે. સંબંધોની વ્યાખ્યાઓ અને સમીકરણો પણ બદલાય છે. વર્ચ્યુઅલ વર્લ્ડના આ સમયમાં આપણા સંબંધોને અને આપણી જાતને વધુ નજીકથી નિરખવાની અને સમજવાની જરૂર છે. આપણે આપણને સમજતા નથી અને બીજાને સમજવા નીકળીએ છીએ, પરિણામે હલ થવાનો પ્રશ્ન કોયડો બની જાય છે.

આમેય આપણી આ જિંદગી બહુ કમાલની ચીજ છે ! એ જેટલી સ્પષ્ટ છે એટલી જ વિસ્મયજનક પણ છે ! આપણે એમ માનીએ છીએ કે જે જીવાય છે એ જિંદગી છે. એ માન્યતા અધૂરી છે. જિંદગીને તમે કઈ ઉપમા આપશો ? કોઈ એક ઉપમામાં બાંધી શકાય તેમ નથી. જેટલી ઉપમા આપીએ એટલી ઓછી છે. બધી જ ઉપમાઓ વાપરી નાખ્યા પછી પણ સાચી ઉપમા આપવાનું બાકી જ રહે છે ! જીવાય એ જિંદગી, એ વાત સાચી પણ દરેક જગ્યાએ જુદા જુદા સ્વરૂપે જીવાય છે. એને અનેક નામથી સંબોધી શકાય કારણ કે એના અનેક ચહેરા છે ! દરેક માણસ પાસે એક સરખી જિંદગી નથી હોતી. કયાંક સાવ કોરી ધાકડ છે, ક્યાંક માવઠું છે, ક્યાંક ઝીણી ઝરમર છે, ક્યાંક ઝાપટું છે, તો કયાંક હેલી છે. કયાંક ગાજે છે, ગરજે છે અને કયાંક વીજળી બનીને ત્રાટકે છે ! ટૂંકમાં સ્વર્ગ પણ જિંદગીમાં જ છે અને નર્ક પણ. જિંદગી માત્ર સદગુણ પર નિર્ભર નથી ! અવગુણો પણ જિંદગીના અડધો અડધ હિસ્સેદાર છે ! સદ્‌ગુણ એ સ્વર્ગ છે. અવગુણ એ નર્ક છે ! આ વિરોધાભાસ કુદરત સર્જિત છે અને માણસની કસોટી માટે જ સર્જાયો છે.

કુદરતે સદ-અસદ એવા બે રસ્તા માણસ સામે મૂકીને તમારે કયા રસ્તે જવું એ તમારા પર છોડી દીધું છે. આ વિરોધાભાસે જ સમગ્ર સૃષ્ટિને જકડી રાખી છે ! દિવસ સામે રાત, અજવાળા સામે અંધારું, છાયડા સામે તડકો, આગ સામે પાણી અને ફૂલ સાથે કાંટા !! નેકી સામે બદી, માનવ સામે દાનવ, દરિયા સામે રણ, શ્રદ્ધા સામે અંધશ્રદ્ધા ! આ બધી સામગ્રી જિંદગી પાસે છે ન આમાંથી એકને માટે કેટલીક સામગ્રી લઇને જિંદગી જાય છે, તો બીજા માટે કેટલીક અન્ય સામગ્રી લઈને જાય છે, પણ એક સામટી બધી જ સામગ્રી લઈને એ કોઈની પાસે જતી નથી ! જેને તડકો છે એને છાંયડાનો અભાવ છે અને જેને છાંયડો છે એને તડકાના સુખથી વિમુખ રાખ્યો છે ! માણસને બંનેની આવશ્યકતાછે. બધી જગ્યાએ છાંયડો કામ લાગતો નથી. અમુક બાબતમાં તડકાની જરૂર પડે છે ! આજના આ કોરોના કાળમાં તડકો તંદુરસ્તી માટે અનિવાર્ય ગણાયો છે !!

એક વિચારકે જિંદગીને નદી સાથે સરખાવતા કહ્યું છે કે નદી હોય તો પાણી હોય જ ! પણ અડધી નદીમાં પાણી હોય અને અડધીમાં રેતી હોય તો પણ એને નદી કહેવામાં આવે છે, જેમાં એક બુંદ પણ પાણી નથી એવી સૂકી નદીને પણ નદી જ કહેવામાં આવે છે, જિંદગી પણ એવી જ છે. સુખી હોય તો પણ જિંદગી અને દુઃખી હોય તો પણ જિંદગી ! સુખ અને દુઃખમાં જિંદગીનું નામ બદલાઈ જતું નથી ! જેમ ગાડાના બે પૈડાં તેની ધરી પર ફર્યા કરે ને એક ભાગ કદી ઉપર તો કદી નીચે, એમ બીજો ભાગ કદી નીચે કદી ઉપર. આપણી જિંદગી પણ આ દ્વંદ્વો પર આધારિત છે. કદી સુખ- કદી દુઃખ, કદી ઉપર - કદી નીચે, કદી ચઢતી- કદી પડતી, કદી માન- કદી અપમાન, કદી હાર-કદી જીત, કદી હર્ષ- કદી શોક !!

સંતો, ચિંતકો અને મહાપુરુષો કહે છે કે આવી કોઈપણ પરિસ્થિતિમાં જો આપણે સમતા, ધૈર્ય અને વિશ્વાસ જાળવવાનું શીખી જઈએ તો જિંદગીમાં આવા દ્વંદ્વોની અસર ન રહે અને કોઈપણ પરિસ્થિતિમાં સ્થિતપ્રજ્ઞ બની નિજાનંદ, સદાનંદમાં જિંદગી જીવી શકાય. અંતમાં જાણીતા વિચારક અને લેકખ શ્રી વાડીલાલ ડગલીની આ વાત- **"જિંદગી કે જીવન સફળ થયું કે એળે ગયું એ નક્કી કરવાનો મારો માપદંડ આવો છે : કોઈપણ સમાજ ઉપયોગી સર્જનાત્મક પ્રવૃત્તિ કરીને આ આ સંસારના વૈભવમાં જે ચપટીક પણ ઉમેરે તેની જિંદગી સફળ અને જે તૈયાર ભાણે જમીને ચાલતા થાય તેની જિંદગી કે જીવન નિષ્ફળ."**

- પ્રોફે. ચન્દ્રકાન્ત જે. તન્ના



# નવરાત્રી



પ્રતિવર્ષ આપણા ગુજરાતમાં આસો સુદ એકમથી આસો સુદ નોમ સુધીના નવ દિવસો નવરાત્રિ મહોત્સવના નામે ઓળખાય છે. નવરાત્રી એક સંસ્કૃત શબ્દ છે જેનો અર્થ 'નવ રાત' છે.. નવરાત્રી તહેવાર, દેવી દુર્ગા, પાવર ઓફ હિન્દુ દેવી નવ સ્વરૂપો પૂજા માટે ઉજવણી કરવામાં આવે છે. તે એક અત્યંત મહત્વપૂર્ણ હિન્દુ ઉત્સવ છે અને સમગ્ર દેશમાં તે ઉજવવામાં આવે છે. નવરાત્રીનો તહેવાર નવ દિવસ સુધી ચાલુ રહે છે. ત્યારબાદ દસમા દિવસે વિજય દાસમી (દશેરા) નો પણ સમાવેશ થાય છે.

જેમ બંગાળમાં 'દુર્ગાપૂજા' ના દિવસોનું ભારે મહત્વ છે તેમ ગુજરાતમાં 'અંબા બહુચરા-કાળકા' જેવી મહાશક્તિશાળી દેવીઓની પૂજા આરાધના અને યજ્ઞો ઉપરાંત રાતના મોડે સુધી રાસ-ગરબા ગાવાનું ઘણું માહાત્મય છે. વળી કોઈ કોઈ સ્થળે તો નવને બદલે દસમો દશેરાનો દિવસ અને પછી પંદરમો શરદપૂર્ણિમાનો દિવસ પણ આ મહોત્સવમાં વણી લેવામાં આવે છે. એવું કહેવાય છે કે માતા અંબા નવ દિવસ સુધિ મહિસાસુર નામના રાક્ષસ સાથે લડ્યા હતા અને તે દશમા દિવસે મરાયો હતો. તેથી દશમો દિવસ વિજયાદશમી તરીકે ઉજવાય છે.

ભારતમાં અને ખાસ કરીને ગુજરાતમાં શક્તિપૂજા અતિ ઘણુ મહ્ત્વ પરાપૂર્વથી ચાલ્યું આવે છે. અંબા ,બહુચરા , મહાકાળી , ભદ્રકાળી ,જક્ષણી, ખોડિયાર, રનાદે , આશાપુરી એવા અનેક નામે ગરબા ગવાય છે , પરંતુ એમાં પ્રધાસર તો શક્તિપૂજાનો જ છે. નવરાત્રિના આ નવ દિવસોમાં ગામડે-ગામડે પોતપોતાની કુળદેવી મંદિરે 'કુંભસ્થાપન ' કરાઇ નવ દિવસ એની પૂજા-આરતી થાય છે. દેવીની પૂજા કરતી વખતે તેઓ જુદા જુદા મંત્ર અને સ્લોકનું ગીત ગાવે છે.

નવરાત્રિ ની પૂજામાં બેસનાર નવ દિવસ ઉપવાસ કરે છે. કયાંક ફરાળી ઉપવાસ થતા હોય છે તો કયાંક નકોરડા ! આઠમના દિવસે હવન થયા પછી નવ નૈવેદ્ય માતાજીને ધરાવીને પારણાં કરવામાં આવે છે.

નવરાત્રિ મહોત્સવનું આગવું મહત્વ રાતે જોવા મળે છે હવે તો શહેરોમાં જ નહિ ગામડાઓમાં પણ માંડવડી અને સમૂહગરબાના જંગી કાર્યક્રમો હાથ ધરાય છે. ગુજરાતમાં લોકો દાંડિયા અને ગરબા નૃત્ય કરવા માટે જુથમાં ભેગા થાય છે. માતાના ચોકમાં માટીનો ગરબો મુકવામાં આવે છે. તેની ગોળ ફરતે સૌ ગરબા રાસ રમે છે. વિવિધ રંગોનો દાંદિયા લાકડીઓ ઉપયોગમાં લેવાય છે. ભવ્ય રોશનીથી રાતને રંગીન બનાવી દેવામાં આવે છે. માઈક લાઉડસ્પીકર દ્વાર બુલંદ અવાજે સુરીલા કંથમાંથી ગરબાની સુરવલિ પ્રસરે છે અને માત્ર સ્ત્રીઓ જ નહિ પુરૂષો પણ હાથમાં ડાંડિયા લઈને તાલબદ્ધ રીત રાસ રમે છે! સંગીતનો સાથ હોય, ઢોલત્રાંસાનો નાદ હોય , ગવડાવનાર ના કંઠમાં પ્રાણ હોય અને હજારો પ્રેક્ષકોના ટોળાં આ દૃશ્ય જોનાર હોય પછી ઝીલનારાંને પોરસ ચડે એમાં શી નવાઈ ? આ નવ રાત્રિનો લાંબો તહેવાર બધી જ જાતિ ધર્મના લોકો હળીમળીને ઉજવે છે. એમાં કોઇ શક નથી કે નવરાત્રિ એ ખુબ જ લોકપ્રિય તહેવાર છે.

- હરીશ બી. ઠક્કર, મંત્રી, શ્રી લોહાણા મહાપરિષદ

# 'કણ મા મણ'



- 'અધર્મ.' 'હું'ને પાળે પંપાળે છે. જ્યારે ધર્મ 'હું'ના આ બંધનમાંથી મુક્ત કરે છે.
- જેને 'ઈમ્પ્રેસ' કરવાની જરૂર નથી અને જેની સામે "ઈમેજડાઉન" થવાનો ભય નથી એ જ વ્યક્તિનું નામ છે "દોસ્ત" (મિત્ર).
- રૂપ ગમે તેટલું સુંદર હોય. પણ તેનો પડછાયો કાળો જ હોય છે. "સાહેબ" દુનિયામાં દરેક વ્યક્તિ પોતાની લાયકાત મુજબ ચમકે છે. ઈચ્છા પ્રમાણે નહીં.
- પોતાની લાયકાતના કદ કરતાં સફળતાનું કદ મોટું હોય એવી સ્થિતિ માણસે પ્રયત્નપૂર્વક ટાળવી જોઈએ.
- હજારો ભૂલ કર્યા પછી પણ તમે તમારી જાતને પ્રેમ કરો છો. તો પછી બીજાની એક ભૂલ માટે શા માટે આટલી નફરત.
- રાજકારણ એ કદરૂપા લોકોનો "શો" બીઝનેસ છે.
- ઉપદેશ આપણને માત્ર આંગળી ચીંધે છે. - જ્યારે આચરણ આપણને છેક સુધી લઈ જાય છે.
- ઊંઘની ગોળી શોધાયા બાદ અનિંદ્રા વધી છે અને "એસ્પરીન" શોધાયા બાદ માથાનો દુખાવો વધ્યો છે.
- પ્રત્યેક ગાલીચાને નીચલી બાજુ હોય છે પરંતુ તેથી ગાલીચાનું મૂલ્ય ઘટતું નથી.
- જીવનને ધબકતું રાખવા "શ્વાસ" જરૂરી છે અને સંબંધને ધબકતો રાખવા "વિશ્વાસ" જરૂરી છે.
- સ્મશાન બંધ શ્વાસનો વિસામો છે. જ્યારે વૃદ્ધાશ્રમ - ધબકતા શ્વાસનો વિસામો છે.
- પુરુષાર્થની વાવણી માટે સંકલ્પ એ બીજ છે. તો પરસેવો શ્રેષ્ઠ ખાતર છે.
- ઘણા માણસોને દુઃખની મૂડી ઉપર સહાનુભૂતિનું વ્યાજ ઉઘરાવવા કરવાની ટેવ હોય છે.
- સ્નેહના સરવાળામાં ઘણીવાર સમજણની બાદબાકી થતી હોય છે.
- સુખી લોકોનું એક લક્ષણ :- એક થાક ન લાગે તો પણ આરામ કરી શકે છે. ભૂખ ન લાગી હોય તો ય ખાતા રહે છે. તરસ ન લાગી હોય તો પણ શરબત પીવાની ટેવ ખબર ન પડે તેમ પડી જાય છે.
- કલિયુગ-કર્મયુગ્ય છે. તે સાથોસાથ તાણયુગ પણ છે.
- નવી પેઢીના અરમાનો સતત જૂની પેઢીની નિષ્ઠાઓ સાથે ટકરાતા રહ્યા છે.
- વ્યક્તિમાં સુંદરતાની કમી હોય તો સારા સ્વભાવથી તે પૂરી શકાય છે પરંતુ સારા સ્વભાવની કમી સુંદરતાથી પૂરી શકાતી નથી.

- નંદલાલભાઈ ગઢિયા, દિલ્હી

## વિભાગીય સમાચાર

# શ્રી લોહાણા મહાપરિષદની કચ્છ વિભાગના વર્ષ ૨૦૨૦-૨૦૨૫ના મધ્યસ્થ મહાસમિતિના સદસ્યોની મિટીંગ તારીખ ૪-૧૦-૨૦૨૦ના રવિવારના રોજ ઝુમ એપ પર ઓનલાઈન યોજાઈ.



શ્રી લોહાણા મહાપરિષદના કચ્છ વિભાગના મધ્યસ્થ મહાસમિતિના સભ્યોની મિટીંગ ઓનલાઈન ઝુમ એપના માધ્યમથી તા. ૪-૧૦-૨૦૨૦ ના રવિવારના રોજ વિભાગીય ઉપપ્રમુખ શ્રી કે. સી. ઠક્કરના સંકલનથી યોજાઇ હતી. આ મિટીંગમાં માતૃસંસ્થાના પ્રમુખ શ્રી પ્રવીણભાઈ



કોટક, વિભાગીય ઉપપ્રમુખ (કચ્છ) શ્રી કે.સી.ઠક્કર (ગાંધીધામ), મૂળ કચ્છના અને હાલ મુંબઈના વતની માતૃસંસ્થાના ટ્રસ્ટી શ્રી મોહનભાઈ ઠક્કર, મંત્રી શ્રી હરિશભાઈ ઠક્કર, ખજાનચી શ્રી હિંમતભાઈ કોટક / શ્રી નીતિનભાઈ પાંધી, ખિમજી ભગવાન ટ્રસ્ટના શ્રી સતિષભાઈ વિઠલાણી, માતૃસંસ્થાની શિક્ષણ સમિતિના ચેરમેન શ્રી ધર્મેશભાઈ હરિયાણી, પ્રોફેશનલ સમિતિના ચેરમેન શ્રી શિલ્પાંગભાઈ કારીયા વગેરે મહાનુભાવો ઓનલાઈન જોડાઈને માર્ગદર્શન આપ્યું હતું.



મિટીંગની શરૂઆત મંત્રી શ્રી હરીશભાઈ ઠક્કરે કરી હતી અને ઉપસ્થિત મહાનુભાવોનું શાબ્દિક હાર્દિક સ્વાગત કર્યુ હતું. તેમજ આ મિટીંગનો ઉદેશ સ્પષ્ટ કરતાં તેઓએ માતૃસંસ્થા શ્રી લોહાણા મહાપરિષદના પ્રમુખ શ્રી પ્રવિણભાઈ કોટકના ૨૦૧૫ થી ૨૦૨૦ ના પાંચ વર્ષના સમયગાળા માં થયેલ શ્રી મહાપરિષદના થયેલ કાર્યોની નોંધ લેતી વિડીયો ક્લીપ દર્શાવી હતી અને હાજર સૌ સભ્યોનો આભાર વ્યક્ત કર્યો હતો. ત્યારબાદ શ્રી સતીષભાઈ વિઠલાણીએ શ્રી લોહાણા મહાપરિષદની શિક્ષણ સહાય અને મેડીકલ સહાય ની વિગતો રજુ કરી હતી અને જુદા જુદા મહાજનોના અગ્રણીઓ ને આ યોજના નો લાભ લેવા જણાવ્યું હતું. ત્યારબાદ મૂળ કચ્છના તેમજ માતૃસંસ્થાના ટ્રસ્ટી મોહનભાઈ ઠક્કરે શ્રી લોહાણા મહાપરિષદની કામગીરી ને બિરદાવી દેશના નાનામાં નાના મહાજનો સાથે કનેક્ટીવીટી રાખી મહાજનની પ્રવૃતિઓ માં સહભાગી થશે તેમ જણાવ્યું હતું. તેમજ દરેક યોજનાનો લાભ નાનામાં નાના ગામના લોકો સુધી પહોંચે તે માટે સૌને અપીલ કરી હતી. સાથે વિભાગીય ઉપપ્રમુખ શ્રી કે.સી.ઠક્કરનો કચ્છ વિભાગ ના મધ્યસ્થ સમિતિના સભ્યોની મિટીંગ યોજવા બદલ આભાર વ્યક્ત કરી ઉપસ્થિત જ્ઞાતિ અગ્રણીઓ ને આવકારી તમામને શ્રી લોહાણા મહાપરિષદમાં સક્રીય રસ લેવા વિનંતી કરી હતી અને સમગ્ર કચ્છ વિભાગની પ્રવૃતિઓનો ખ્યાલ આપ્યો હતો.

શ્રી લોહાણા મહાપરિષદના પ્રમુખશ્રી પ્રવિણભાઈ કોટકે પ્રમુખકીય ઉદ્‌બોધનમાં કચ્છના ખમીરને બિરદાવીને જણાવ્યું હતું કે અત્યારની કોરોનાની મારામારીમાં શક્ય હોય તેટલા પ્રયાસ કરીને જ્ઞાતિના જરુરીયાતમંદને મદદરૂપ થવાની જે કામગીરી કરી તેનો ખ્યાલ આપીને કોઇ પણ મહાજનમાંથી જે લેખીત સૂચન આવે તેનો અમલ કરી તાત્કાલીક મદદરૂપ થવાની હૈયાધારણ આપી હતી.તમામ જ્ઞાતીજનોના સહકારથી આ કામગીરી સતત થઈ રહી છે તેવું જણાવી અનુકુળ પરિસ્થિતિ થાય ત્યારે અમદાવાદ ખાતે શ્રી લોહાણા મહાપરિષદના કાર્યાલય તથા સોલા ભાગવત ના અતિથીગૃહની મુલાકાત લેવાનું આમંત્રણ આપ્યું હતું. શ્રી લોહાણા મહાપરિષદની પ્રોફેશનલ સમિતીના અધ્યક્ષ સી.એ. શ્રી શિલ્પાંગભાઈ કારીયા એ 'લોહાણા કનેક્ટ' જેવી જ્ઞાતિ માટે અગત્યની એપ્લીકેશન વિશે વિસ્તૃત જાણકારી આપી હતી અને તેમાં જોડાવા અંગે સમજણ આપી હતી.

આ મિટીંગમાં કચ્છમાંથી શ્રી લોહાણા મહાપરિષદના વિભાગીય મંત્રી મુકેશભાઈ ઠક્કર(રાપર), પી.આર.ઓ સુરેશભાઈ ઠક્કર(મુન્દ્રા), અખિલ કચ્છ લોહાણા મહાજનના પ્રમુખ બળવંતભાઈ ઠક્કર, કચ્છના વડીલ અગ્રણી શશીકાંતભાઈ ઠક્કર(માધાપર) તેમજ કચ્છના લગભગ તમામા ગામોમાંથી મહાજન પ્રમુખશ્રીઓ તથા મધ્યસ્થ મહાસમિતિના પ્રતિનિધિઓ ઉપસ્થિત રહી સૌએ આ મિટીંગને સફળ બનાવી હતી.

સમગ્ર મિટીંગનું સંચાલન હરીશભાઈ ઠક્કરે તથા સમગ્ર મિટીંગની વ્યવસ્થા વિભાગીય ઉપપ્રમુખ શ્રી કે.સી.ઠક્કરે કરી હતી.

- મુકેશભાઈ પુજારા વિભાગીય મંત્રી, કચ્છ વિભાગ, શ્રી લોહાણા મહાપરિષદ

## સ્થાયી સમિતિઓના એહવાલ

## પર્યાવરણ સમિતિ









પર્યાવરણ સમિતિ શ્રી લોહાણા મહાપરિષદ દ્વારા માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના ૭૦માં જન્મદિન નિમિતે પ્રતિમા પાર્ક સોસાયટી, નારણપુરા, અમદાવાદ ખાતે વૃક્ષારોપણના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું. અને ક્લોથ બેગ નું વિતરણ પણ કરવામાં આવ્યું. અને ક્લોથ બેગ નું વિતરણ પણ કરવામાં આવ્યું. આ પ્રસંગે શ્રી ગૌતમ શાહ – પૂર્વ મેયર અમદાવાદ શહેર, શ્રી કિરીટ ભીમાણી(અધ્યક્ષ- પર્યાવરણ સમિતિ, શ્રી લોહાણા મહાપરિષદ), શ્રી રમેશભાઈ રાવલ(ચેરમેન પ્રતિમા પાર્ક સોસાયટી), શ્રી તેજસભાઈ રાવલ(સ્પિરિચ્યુઅલ લીડર), શ્રી નિલેશ ઠક્કર (ઉપાધ્યક્ષ(ગુજરાત)- પર્યાવરણ સમિતિ), શ્રી અલ્પેશ ગોવાણી (રાષ્ટ્રીય કારોબારી સભ્ય- પર્યાવરણ સમિતિ) તથા શ્રી જય ઠક્કર (રાષ્ટ્રીય કારોબારી સભ્ય- પર્યાવરણ સમિતિ), શ્રી કૌશિક જૈન (મંત્રી અમદાવાદ શહેર ભાજપ),શ્રી જયેશ પટેલ (કોર્પોરેટર-નારણપુરા), શ્રીમતી મધુબેન પટેલ (સેક્રેટરી-પ્રતિમા પાર્ક સોસાયટી), શ્રી યગ્નેસ જોશી, શ્રી પ્રદીપ શાહ તથા સોસાયટી ના સર્વે સભ્યો તથા ભાજપના નારણપુરા વિસ્તારના કાર્યકરો તથા અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના ઓફિસકર્મીઓ તથા પર્યાવરણ પ્રેમીઓ હાજર રહ્યા હતા.

શ્રી પ્રવીણભાઈ કોટક, પ્રમુખ શ્રી લોહાણા મહાપરિષદ દ્વારા આ કાર્યક્રમ માટે શુભેચ્છાઓ આપવામાં આવેલ હતી. આ પ્રસંગે શ્રી કિરીટ ભીમાણી તથા સર્વ પર્યાવરણ સમિતિના સભ્યો દ્વારા વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીને જન્મદિનની શુભેચ્છાઓ પાઠવવામાં આવી તથા ક્લીન ઈન્ડિયા, ગ્રીન ઈન્ડિયા મૂવમેન્ટ ને આગળ ધપાવવા આહવાન કરવામાં આવ્યું. તેમજ પર્યાવરણ સમિતિ, શ્રી લોહાણા મહાપરિષદ દ્વારા કરવામાં આવતી પર્યાવરણ વિષયક પ્રવૃતિઓ તથા કેમ્પેન અંગે ની માહિતી હાજર રહેલ સભ્યોને આપવામાં આવી. આ વૃક્ષારોપણ માટે જરૂરી પ્લાન્ટ તથા જરૂરી કર્મચારીઓની વ્યવસ્થા કરવા માટે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન નો આભાર માને છે અને વૃક્ષારોપણ માટે જગ્યા આપવા બદલ પ્રતિમા પાર્ક સોસાયટીના ચેરમેન શ્રી રમેશભાઈ રાવલ, સેક્રેટરી શ્રી મધુબેન પટેલ તથા સોસાયટીના તમામ સભ્યોનો આભાર વ્યક્ત કરે છે.

તા. ૧૭-૯-૨૦ના રોજ પર્યાવરણ સમિતિ, મુંબઇ સહ મહારાષ્ટ્ર વિભાગના મંત્રી, શ્રી લલિતભાઇ ઠક્કર તથા તેમની ટીમ દ્વારા આદર્શનગર સોસાયટી ગાર્ડન ખાતે વૃક્ષારોપણ કરવામાં આવેલ.

તા. ૧૯-૯-૨૦ના રોજ પર્યાવરણ સમિતિ, મુંબઇ સહ મહારાષ્ટ્ર વિભાગના ઉપાધ્યક્ષા શ્રીમતી વાસંતીબેન ગોકાણી દ્વારા પેપર બેગ્સ તથા તુલસીના રોપાનું વિતરણ કરવામાં આવેલ. પર્યાવરણ સિમતિના અધ્યક્ષ શ્રી કિરીટભાઇ ભીમાણી તથા મંત્રી શ્રી ભાવિનભાઇ જોબનપુત્રા દ્વારા સૌને બદલ શુભેચ્છાઓ પાઠવામાં આવેલ.

- કિરીટ ભીમાણી, અધ્યક્ષ - પર્યાવરણ સમિતિ

# શ્રી લોહાણા મહાપરિષદ

## પર્યાવરણ સમિતિ

| પ્રવિણ ટી. કોટક | ઉમંગ એચ. ઠક્કર | હરીશ બી. ઠક્કર | પિયુષ જી. ગંઠા |
|---|---|---|---|
| પ્રમુખશ્રી | ઉપપ્રમુખશ્રી | મંત્રીશ્રી | મંત્રીશ્રી |

## લોહાણા ગ્રીન વોરીયર્સ

**પર્યાવરણ સમિતિ, શ્રી લોહાણા મહાપરિષદ વિશ્વભરમાં વસ્તાં તમામ રઘુવંશી ભાઈ બહેનોને 'લોહાણા ગ્રીન વોરીયર્સ'**માં ભાગ લેવા માટે આમંત્રિત કરે છે. પર્યાવરણ સમિતિ, શ્રી લોહાણા મહાપરિષદ દ્વારા "Wildlife Week (2nd to 8th October)"ની ઉજવણીના ભાગરૂપે આ સ્પર્ધાનું આયોજન કરવામાં આવેલ છે.

### વિષય

- ''વૃક્ષો વાવો... ધરતી બચાવો''
- ''પાણી બચાવો... જીવન બચાવો...''
- ''અન્ન બચાવો... જીવન બચાવો.. પર્યાવરણ બચાવો...''
- ''સ્વચ્છતા અભિયાન''
- ''વિજળી બચાવો... પર્યાવરણ બચાવો''
- ''સે નો ટુ પ્લાસ્ટીક-યુઝ ક્લોથ બેગ''
- ''લેટ્સ બીટ એર પોલ્યુશન''
- ''સેવ વાઇલ્ડ લાઇફ''

**આ સ્પર્ધામાં ભાગ લેવા માટે આપ ઉપરોક્ત કોઇ પણ વિષય પર ચિત્ર, નિબંધ, લેખ, સ્લોગન અથવા આપે કરેલ પ્રવૃત્તિનો ફોટોગ્રાફ મોકલી શકો છો.**

**નોંધ : સ્પર્ધકે મોકલેલ કૃતિ સાથે પોતાનું પુરું નામ, ઉંમર, જાતી, સરનામું તથા વોટ્સએપ નંબર લખવો**

**સ્પર્ધાનો સમય : આ સ્પર્ધા ૨ ઓક્ટોબર ૨૦૨૦ થી ૩૦ ઓક્ટોબર ૨૦૨૦ સુધી ખુલ્લી રહેશે.**

**એન્ટ્રી સ્વીકારવાની છેલ્લી તારીખ : ૩૦ ઓક્ટોબર, ૨૦૨૦**

**આપની એન્ટ્રી : jaijalarambapa999@gmail.com પર ડીજીટલી મોકલવાની રહેશે.**

ભાવિન જોબનપુત્રા : 80004 82007 | નિલેશ ઠક્કર : 91067 31408 | લલિત ઠક્કર : 98202 83454 | માનવ બુદ્ધદેવ : 98504 70294

**ઈનામ : સ્પર્ધાની શ્રેષ્ઠ ૧૧ કૃતિઓને પર્યાવરણ સમિતિ તરફથી મોમેન્ટો આપવામાં આવશે. દરેક પ્રતિયોગીને ઇ-સર્ટીફીકેટ આપવામાં આવશે.**

### કોઓર્ડીનેટર્સ

ભાવિન જોબનપુત્રા (રાષ્ટ્રીય મંત્રી), ભરત ઠક્કર (રાષ્ટ્રીય સંયુક્ત મંત્રી), નિલેશ ઠક્કર (ઉપાધ્યક્ષ, ગુજરાત વિભાગ), સુરેશ વસાણી (ઉપાધ્યક્ષ, વિદર્ભ સહ મધ્યભારત વિભાગ), વાસંતી ગોકાણી (ઉપાધ્યક્ષા, મુંબઈ સહ મહારાષ્ટ્ર વિભાગ), સચિન કોટેચા (ઉપાધ્યક્ષ, દક્ષિણભારત વિભાગ), સોનલ વાસાણી (મંત્રી, સૌરાષ્ટ્ર), માનવ બુદ્ધદેવ (મંત્રી, વિદર્ભ), લલિત ઠક્કર (મંત્રી, મુંબઈ મહારાષ્ટ્ર) તથા પર્યાવરણ સમિતિના કારોબારી સભ્યો રવિરાજભાઈ ઠકરાર, જયભાઈ ઠક્કર, અમૃત ઠક્કર, સોનલ તન્ના, ઈલા ગોકાણી તથા અલ્પેશભાઈ ગોવાણી દ્વારા કરવામાં આવશે.

**આ સ્પર્ધા માત્ર રઘવુંશી ભાઈઓ અને બહેનો માટે છે. નિર્ણાયક સમિતિનો નિર્ણય અંતિમ રહેશે.**

**કિરીટ ભીમાણી**

**અધ્યક્ષ, પર્યાવરણ સમિતિ, શ્રી લોહાણા મહાપરિષદ**

**મો. 9099010951 ઇ-મેઇલ : kirit.bhimani1966@gmail.com**

**વધુ માહિતી માટે - www.facebook.com/LMP-Lohana Environment**

# શ્રી લોહાણા મહાપરિષદ

Registered under B.P.T. Act 1950 No. A/2119

મધ્યસ્થ કાર્યાલય : ઈસ્કોન મેગા મોલ, સેલર, ઈસ્કોન મંદિરની બાજુમાં, એસ. જી. હાઈવે, અમદાવાદ-૩૮૦૦૫૯. ફોન : +૯૧ ૭૯ ૪૦૦૯૧૦૦૫




| ઉમંગ એચ. ઠક્કર | પ્રવિણ ટી. કોટક | હરીશ બી. ઠક્કર/પિયુષ જી. ગંઠા |
|---|---|---|
| વરિષ્ઠ ઉપપ્રમુખ | પ્રમુખ | મંત્રી |


## રઘુવંશી કોરોના સુરક્ષા યજ્ઞ



શ્રી લોહાણા મહાપરીષદના પ્રમુખ શ્રી પ્રવિણભાઈ કોટક ની સમાજ પ્રત્યે ની સેવા,માનવતા, સંવેદના અને લાગણીઓને અનુલક્ષીને અમદાવાદની સામાજીક સંસ્થાઓના જાગૃત અને સેવાભાવી સમાજના શ્રેષ્ઠી, દાતાઓ, ડોક્ટરો અને સમાજ સેવકો દ્વારા કોરોના મહામારીમાં સેવા અને સમર્પણના ભાવ થી અમદાવાદ ખાતે લોહાણા સમાજના પરિવારોને અમદાવાદના દાતાશ્રીઓના સૌજન્ય અને સહકાર થકી રાહત દરે કોરોનાનો ટેસ્ટ - મેડીસીન કીટ મફતમાં એક્સરે, સીટી સ્કેન, કાર્ડીયોગ્રામ, એમ્બ્યુલન્સની સર્વીસ, ખાનગી હોસ્પીટલમાં એડમીશન, અમદાવાદના જાણીતા પલ્મોલોજીસ્ટનુ સાચું માર્ગદર્શન તથા હોમ કોરેન્ટાઈનના વિકલ્પ સ્વરૂપે ‘‘કોવિડ હોટેલ’’ ની સુવિધા મળી રહે તે હેતુથી નીચે મુજબની સગવડ કરી આપવામાં આવશે.



૧) રાહત દરે આપના ઘરે બેઠા કોરોના નો ટેસ્ટ ડો.બીજલ ઠક્કર મો.૯૯૦૯૯૬૪૪૫૧, ગુજરાત પેથોલોજી લેબોરેટરીના સહયોગથી (RTPCRTEST) કરાવી આપવામાં આવશે.

૨) કોરોના પોઝીટીવ વ્યક્તિની સારવાર માટે દવાની કીટ (સૌજન્ય - શ્રી રમેશભાઈ દેવચંદભાઈ ઠક્કર, માર્શ હેલ્થ કેર,અમદાવાદ) તથા નાસ લેવાનું મશીન વેપોરાઈઝર (સૌજન્ય - શ્રી હરીભાઈ ભગવાનભાઈ અખાણી) વિના મુલ્યે ઉપલબ્ધ કરાવી આપવામાં આવશે. આ કીટ નીચેના સરનામેથી કોરોના પોઝીટીવ રીપોર્ટની કોપી આપી મેળવવાની રહેશે.

★ ઉમિયા મેડીસીન્સ, જી૧૦, ગોલ્ડ કોઈન કોમ્પલેક્ષ, જોધપુર ચાર રસ્તા, સેટેલાઈટ. (સોમ થી શનિ, સવારે ૧૦થી ૮)

★ શ્રી મધાભાઈ પી. ઠક્કર, સાયન્સ સીટી રોડ, સોલા. મો. ૯૮૯૮૧૦૭૭૮૦.

★ શ્રી ઘનશ્યામભાઈ ઠક્કર, મીત મેડીકલ સ્ટોર, હનુમાનજી મંદિરની બાજુમાં, દહેગામ રોડ, નરોડા ગામ. મો. ૯૪૨૮૦૦૧૨૧૫.

★ શ્રી પલકભાઈ ઠક્કર, આશાપુરા ડીસ્ટીબ્યુટર્સ, ૩ ગ્રીન પ્લાઝા કોમ્પલેક્ષ, સીટી ગોલ્ડ પાસે, બોપલ. મો. ૯૪૦૯૫૧૧૧૩૭.

★ શ્રી સતિષભાઈ બી. ઠક્કર, જલારામ અનાજ ભંડાર, જવાહર ચોક પાસે, મણીનગર. મો. ૯૮૭૯૧૭૦૮૧૪

૩) કોરોના પોઝીટીવ હોય તેવી જરૂરીયાતમંદ વ્યક્તિને તેમની આર્થિક સ્થિતિ મુજબ માતૃસંસ્થા દ્વારા ખાનગી હોસ્પીટલમાં રાહત દરે વ્યવસ્થા કરાવી આપવામાં આવશે.




★ સંજીવની હોસ્પીટલ, વસ્ત્રાપુર, અમદાવાદ. મો.૮૩૪૭૫૭૩૦૫૧

★ ક્રિષ્ના શેલ્બી હોસ્પીટલ, ઘુમા, અમદાવાદ. મો.૯૯૦૪૩૯૯૮૮૧

★ સીટી હોસ્પીટલ, સોલા બ્રીજ, સાયન્સ સીટી રોડ, અમદાવાદ. મો.૯૩૭૫૦૨૩૦૩૫


૪) રાહત દરે ફેફસાના નિષ્ણાંત ડો.અવકાશ પટેલ (પલ્મોલોજીસ્ટ), મો.૯૪૨૬૩૫૯૮૭૫, ત્રીશા હોસ્પીટલ, ડ્રીમ સ્ક્વેર કોમ્પલેક્ષ, નિર્ણયનગર, અમદાવાદના માર્ગદર્શન હેઠળ જરૂરીયાતમંદ વ્યક્તિને તપાસ કરાવી આપવામાં આવશે.



૫) પોઝીટીવ વ્યક્તિને પોતાના ઘરે હોમ ક્વોરોન્ટાઈન ની વ્યવસ્થા ના હોય તેવા સંજોગોમાં હોટલ, હોસ્પીટલ તથા અન્ય જગ્યાએ રહેવા - જમવા ની સગવડ સાથે ચા - નાસ્તો, ઉકાળો તથા તબીબી યોગ્ય માર્ગદર્શન રાહત દરે કરાવી આપવામાં આવશે.

★ જીન્જર હોટલ, ગ્રાન્ડ ભગવતી સામે, એસ.જી.હાઈવે, અમદાવાદ. ફોન નં.૦૭૯ ૬૧૯૧૩૩૩૩, મો. ૮૧૨૮૬૮૧૮૦૩

★ હોટલ નિલકમલ, દેવ આર્ક મોલ, વિજય સેલ્સની ઉપર, ઈસ્કોન ચાર રસ્તા, અમદાવાદ. ફોન - ૦૭૯ ૪૮૯૮૩૭૯૯, મો. ૮૧૨૮૬૮૧૮૦૩




૬) પોતાના નિવાસ સ્થાનેથી જે તે હોસ્પીટલ, હોટલ કે અન્ય જગ્યાએ દર્દીને જે તે સ્થળે પહોંચાડવા માટે એમ્બ્યુલન્સની વ્યવસ્થા (ડો. કલ્પેશ ગોકલાણી, મો.૯૮૭૯૫૮૬૨૬૭ - ગોકલાણી ઈન્ટેન્સીવીસ્ટ એમ્બ્યુલન્સ સર્વીસ) રાહત દરે કરાવી આપવામાં આવશે.

૭) કોરોના સુરક્ષા પોલીસી રાહત દરે કરાવવા માટે સંપર્ક - શ્રી અજય એસ. ઠક્કર, મો.૯૮૨૫૯૯૩૧૧૧.

૮) ઓક્સીજન સ્પ્રે (બોટલ), ઓક્સીમીટર, ટેમ્પરેચર ગન તથા કોરોનામાં વપરાતા તમામ સર્જીકલ ચીજવસ્તુઓ રાહત ભાવે ઉપલબ્ધ કરાવી આપવામાં આવશે. સંપર્ક - શ્રી પલકભાઈ ઠક્કર, મો. ૯૪૦૯૫૧૧૧૩૭

૯) કોરોના પોઝીટીવ હોય તેવી જરૂરીયાતમંદ વ્યક્તિને રાહત દરે (૫૦ % ) બ્લડ ટેસ્ટ તથા વિના મૂલ્યે <u>ECG</u> રીપોર્ટ કરાવી આપવામાં આવશે. સંપર્ક - ડો. રૂતુલ ગોકલાણી, મો. ૯૩૭૫૦૨૩૦૩૫.

૧૦) ગુજરાત સરકાર દ્વારા સંચાલીત અર્બન હેલ્થ કેર સેન્ટરમાં અમદાવાદનું આધાર કાર્ડ તથા સરકારી એજન્સી કે અમદાવાદ મ્યુનિસીપલ કોર્પોરેશનની કોવીડ ટેસ્ટ એજન્સી પાસે કરાવેલ કોરોના પોઝીટીવ રીપોર્ટ રજુ કરે થી જ વિના મૂલ્યે સરકારી કોટામાં એડમીટ થઈ શકાશે. પ્રાઈવેટ લેબોરેટરીમાં કરાવેલ રીપોર્ટ હાલ માન્ય નથી, ફક્ત સ્પેશિયલ કેસમાં સરકારશ્રીની મંજુરી હોય તો જ તે રીપોર્ટને માન્ય ગણાશે. સરકારના નિયમો પ્રમાણે હોસ્પીટલાઈઝ કરાવવું પડે તેમ હોય તો જે તે અર્બન હેલ્થ સેન્ટરના મેડીકલ ઓફીસર સરકારી હોસ્પીટલમાં એડમીટ માટે (જગ્યા ની ઉપલબ્ધિ હશે તો જ) જે હોસ્પીટલની ભલામણ કરે ત્યાં જ એડમીટ થવાનું હોય છે અને જરૂર પડે તો સંસ્થાના હોદ્દેદારોની ઓળખાણ થકી તેવા દર્દીને એડમીટ કરાવવામાં મદદરૂપ થવાનો પ્રયત્ન કરાશે.



શ્રી લોહાણા મહાપરિષદ દ્વારા "કોરોના ને હરાવવા" રઘુવંશી પરિવારો માટે રઘુવંશી કોવિડ સુરક્ષા સમિતિ ની રચના કરવામાં આવી છે. આ અંગે કોઈપણ પ્રકારની કોરોના સુરક્ષા સેવાનો લાભ લેવા માટે માતૃસંસ્થાના મધ્યસ્થ કાર્યાલય પર તથા વધુ માહિતિ માટે નીચે દર્શાવેલ સમિતિના સભ્યોનો સંપર્ક કરી શકો છો.

## રઘુવંશી કોવીડ સુરક્ષા સમિતિ

ડો.વસંતભાઈ સહાયતા, મો. ૯૯૭૯૮૮૫૧૦૭

અધ્યક્ષશ્રી

શ્રી રમેશભાઇ એમ. ઠકકર (આરટીઓ)
મો.૬૩૫૮૮૩૭૩૭૭

શ્રી અશોકભાઈ ગઢીયા
મો. ૯૭૧૨૯૭૬૮૬૪

શ્રી વિપુલભાઈ કે. ઠકકર (કુવાડાવાળા)
મો. ૯૯૭૮૭૪૨૪૪૪

શ્રી હર્ષદરાય ઠક્કર
મો. ૯૮૯૮૪૯૫૬૭૪

શ્રી કમલેશભાઈ બી. ઠક્કર
મો. ૭૭૭૮૦૬૭૧૦૨

શ્રી મનુભાઈ ગોકલાણી
મો. ૯૯૨૫૦૩૩૮૪૫

શ્રી મધાલાલ પી. ઠકકર
મો. ૯૮૯૮૧૦૭૭૮૦

શ્રી ઘનશ્યામભાઈ આર. ઠક્કર
મો. ૭૯૮૪૩૭૭૯૫૧

શ્રી અજયભાઈ એચ. અખાણી
મો. ૯૮૯૮૦૨૬૧૧૧

## અમો આભારી છીએ

ડો. રૂતુલ ગોકલાણી
(તબીબી માર્ગદર્શન)
મો. ૯૭૨૫૦૦૦૩૩૫

ડો. હિતેષ રાજદે
(તબીબી માર્ગદર્શન)
મો.૯૭૧૪૭૬૧૪૦૦

ડો. બીજલ ઠકકર
(પેથોલોજીસ્ટ, કોરોના રીપોર્ટ સર્વિસ)
મો. ૯૯૦૯૯૬૪૪૫૧


ડો. ઉદય ઠકકર
(રેડીયોલોજીસ્ટ-સીટી સ્કેન સર્વીસ)
મો. ૭૦૨૧૦૭૬૫૧૩

ડો. ભાવેશ જે ઠકકર
(તબીબી માર્ગદર્શન)
મો. ૯૯૨૫૪૯૦૦૯૧

ડો. કલ્પેશ ગોકલાણી
(ઈન્ટેન્સીવીસ્ટ-એમ્બ્યુલન્સ સર્વીસ)
મો. ૯૮૭૯૫૮૬૨૬૭

શ્રી લોહાણા મહાપરિષદ - મધ્યસ્થ કાર્યાલય
હેલ્પલાઈન નં. ૯૯૦૯૯ ૯૯૩૦૮, ફોન નં. - ૦૭૯ ૪૦૦૯૧૦૦૫

**અપીલ સહ વિનંતી :** દરેક મહાજનશ્રીઓ / સંસ્થાઓ પણ સ્થાનિક દાતાશ્રીઓ તથા સમાજ સેવકો, સમાજ શ્રેષ્ઠીઓ તેમજ ડૉક્ટર્સ, હોસ્પિટલ, પેરામેડિકલ સ્ટાફ, લેબોરેટરીના સહકારથી ઉપરોક્ત રઘુવંશી કોરોના સુરક્ષા યજ્ઞ જેવા મોડેલને અનુસરીને વૈશ્વિક કોરોના મહામારીમાં સ્થાનિક રઘુવંશી પરિવારોને મદદરૂપ થઇ સમાજ સેવા અને રાષ્ટ્ર સેવાની જ્યોત પ્રગટાવીએ.



# શાબાશ રઘુવંશી





### શ્રી નિલેશભાઈ મહેન્દ્રભાઈ ચંદારાણા, ભાવનગર

આપણા દેશનું ગૌરવ કહી શકાય એવી હાલમાં જ નિર્માણ પામેલ દુનિયાની સૌથી મોટી સુરંગ **'અટલ ટનલ'** ના ચીફ એન્જિનિયર (BSO) શ્રી એન. એમ. ચંદારાણા એ રઘુવંશી સમાજનું ગૌરવ વધાર્યું છે. અટલ ટનલના ચીફ એન્જિનિયર તરીકે આ શુભ કાર્ય કરવા બદલ માતૃસંસ્થા શ્રી લોહાણા મહાપરિષદ દ્વારા ખૂબ ખૂબ અભિનંદન...

### શ્રી રોહન ઠક્કર, મુંબઈ

**વિશ્વની જાણીતી વૈજ્ઞાનિકોની પાઠશાળા અમેરીકાની નાસા સંસ્થા દ્વારા હાલમાં માર્શ - ૨૦૨૦ પ્રોજેક્ટ પર સંશોધન થઈ રહ્યુ છે,** જેમાં ૩૦ જુલાઈ, ૨૦૨૦ ના રોજ ફ્લોરિડામાંથી એટલાસ-વી, ૫૪૧ રોકેટ લોંચ કરવામાં આવ્યા છે, જે ૧૮ ફેબ્રુઆરી, ૨૦૨૧માં લેન્ડીંગ કરશે. આ માટે ૫૦૦ થી વધારે વૈજ્ઞાનિકોની ટીમ કાર્યરત છે. જેમાં રોહન અશ્વિનભાઈ ઠક્કરને પણ આ પ્રોજેક્ટમાં વૈજ્ઞાનિક તરીકે પસંદગી થવા બદલ માતૃસંસ્થા શ્રી લોહાણા મહાપરિષદ દ્વારા ખૂબ ખૂબ અભિનંદન...



### શ્રી ઝવેરભાઈ ઠકરાર, ગીર સોમનાથ

ગીર સોમનાથના રહેવાસી જ્ઞાતિ શ્રેષ્ઠીશ્રી ઝવેરભાઈ ઠકરારની જુનાગઢ જિલ્લા સહાકારી બેંકના ડાયરેક્ટર તરીકે નિમણૂંક થવા બદલ માતૃસંસ્થા શ્રી લોહાણા મહાપરિષદ દ્વારા ખૂબ ખૂબ અભિનંદન....



Regn No. 2/003

भारत सरकार

व्यवसाय - प्रमाण पत्र

प्रमाणित किया जाता है की श्री/श्रीमती/सुश्री वर्षा वसंतलाल ठक्कर पुत्र/पुत्री/पत्नी श्री वसंतलाल

निवासी प्लाट नं. 176 सेक्टर.3. डी गांधीनगर, गांधीनगर, गुजरात को नोटेरी अधिनियम 1952 (1952 का 53) के अधीन नोटेरी के रूप में नियुक्त किया जाता है और उन्हें नोटेरी के रूप में सम्पूर्ण गांधीनगर ( गुजरात ) में व्यवसाय करने के लिए पांच वर्ष की अवधि के लिए प्राधिकृत किया जाता है।

मेरे हस्ताक्षर से और सरकार की मुद्राधीन तारीख 05 मार्च 2020 को दिया गया।

GOVERNMENT OF INDIA

Certificate of Practice

Certified that Shri/Smt./Ms. VARSHA VASANTLAL THAKKAR son/daughter/wife of Sh. VASANTLAL

Resident of PLOT NO.1176 SECTOR.3.D GANDHINAGAR,GANDHINAGAR,GUJARAT

has been appointed as a Notary under the Notaries Act, 1952 (53 of 1952) and is authorised to practice as such, in and throughout

Gandhinagar ( Gujarat )

for a period of five years.

Given under my hand and seal of the Government of India, on this day of 05th March, 2020

Joint Secretary / Additional Secretary

Government of India

Ministry of Law & Justice

Department of Legal Affairs

New Delhi

### શ્રી વિભાબેન જગદીશભાઈ ઠક્કર, દિલ્હી - ગાંધીનગર

ગાંધીનગરના નિવાસી શ્રી વિભાબેન ઠક્કરને ભારત સરકાર દ્વારા નોટરી તરીકે નિમણૂંક થવા બદલ માતૃસંસ્થા શ્રી લોહાણા મહાપરિષદ દ્વારા ખૂબ ખૂબ અભિનંદન...



### શ્રી રાજેન્દ્રભાઈ ઠક્કર, રાજકોટ

સંત સુરક્ષા મિશન દિલ્હીની રાષ્ટ્રીય કારોબારીમાં સદ્સ્ય તરીકે રાજકોટના શ્રી રાજેન્દ્રભાઈ ઠક્કરનો સમાવેશ થવા બદલ માતૃસંસ્થા શ્રી લોહાણા મહાપરિષદ દ્વારા ખૂબ ખૂબ અભિનંદન...




## શ્રી ભરતભાઈ જીવરાણી, પાલનપુર

શ્રી ભરતભાઈ જીવરાણી એસ.પી.(આઈ.બી., પાલનપુર) સરકારશ્રીમાં આઈ.એ.એસ. કક્ષાના અધિકારી હોવાં છતા તેમના માં રહેલા કલાકાર તરીકેના જીવને સદાય જીવંત રાખ્યો છે. શ્રી ભરતભાઈ એ અત્યાર સુધીમાં ૧૦૦ થી વધુ જુદા જુદા વિષયના કલાત્મક ચિત્રો દોરીને પોતાની કલાને સમાજને સમર્પિત કરેલ છે, બાજુમાં પ્રીન્ટ કરેલ માતાજીની કલાકૃતિને પણ તેમના હસ્તે કંડારેલી એક સુંદર કૃતિ છે.

# સંસ્થા સમાચાર

### મુંબઈ

વિદ્યાર્થીઓને ઓનલાઈન કારકીર્દી માર્ગદર્શન મળી રહે એ ઉદ્દેશ સાથે શ્રી કચ્છી લોહાણા મહાજન મુંબઈની શિક્ષણ સમિતિ દ્વારા નિશુલ્ક ઓનલાઈન વોકેશનલ ગાઈડન્સ કાર્યક્રમ રવિવાર તા. ૧૯-૦૭-૨૦૨૦ ના રોજ યોજાયો હતો. આ ઓનલાઈન કાર્યક્રમમાં વોટ્સએપ લીંકથી ૧૮૬ વિદ્યાર્થીઓએ રજીસ્ટ્રેશન કરાવ્યું હતું. મહર્ષી દયાનંદ ફાઉન્ડેશન એકેડમીના વ્રજ પટેલ અને ડાયનેમીક કાઉન્સેલર પરેશ શાહે વિવિધ અભ્યાસક્રમોની માહીતી આપી હતી. આ સમગ્ર કાર્યક્રમમાં પ્રમુખ શ્રી વસંતભાઈ માણેક, મંત્રીઓ શ્રી નીતીનભાઈ પાંધી - શ્રી દિનેશભાઈ ઠક્કર તેમજ સંસ્થાના ટ્રસ્ટીશ્રી મનુભાઈ કોઠારી, શ્રી નવીનભાઈ કોઠારી, શ્રી પ્રતાપભાઈ ઠક્કર વગેરે ઉપસ્થિત રહ્યા હતા. આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન અને સંકલન શ્રી કચ્છી લોહાણા મહાજન મુંબઈની શિક્ષણ સમિતિના અધ્યક્ષ શ્રી લાલજી સરે કર્યું હતું. સંકલન : લાલજી સર


### અમદાવાદ

અત્યારના સમયમાં જ્યારે બધું જ ઓનલાઈન થઈ રહ્યું છે ત્યારે લોહાણા લગ્ન-સગાઈ કેન્દ્ર દ્વારા સતત ૮મો જીવનસાથી પસંદગી ઈ-સંમેલન વેબીનાર દ્વારા આયોજન તા. ૧૯-૯-૨૦૨૦ ના રોજ રવિવારે કરવામાં આવ્યું હતું. આ વર્ચ્યુઅલ મીટીંગમાં ૫૫ ઉમેદવારોએ લાઈવ જોડાઈ ભાવી લાઈફ પાર્ટનર વિશે પોતપોતાના મંતવ્યો રજુ કર્યા હતા.આ કાર્યક્રમમાં શ્રી મુકેશભાઈ મજીઠીયા (ચાર્ટડ કન્સ એન્જી.) એ ઉમેદવારોને માર્ગદર્શન આપ્યુ હતું. અમેરીકાથી શ્રીમતી સ્મીતાબેન કીરીટભાઈ ગઢીયા એ અમેરીકાના લોહાણા યુવક - યુવતીઓ માટે સંયુક્ત જીવનસાથી પસંદગી સંમેલન કરવા આમંત્રણ આપ્યુ હતું તથા અખિલ ભારતીય ગુજરાતી સમાજના મહીલા પ્રમુખ શ્રી વિભાબેન જે. ઠક્કરે પણ વિશેષ ઓનલાઈન વિડીયો દ્વારા શુભેચ્છા આપી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન શ્રી સ્વપનીલભાઈ ઠક્કરે કર્યું હતું. આગામી ૧૧મી ઓક્ટોબર, ૨૦૨૦ ના રોજ સતત બે જીવનસાથી પસંદગી સંમેવન રાખવામાં આવ્યા છે. વધુ માહીતી માટે શ્રી કિશોરભાઈ ઠક્કર મો. ૯૯૦૪૦૩૫૦૫૧, ૯૪૮૪૮૬૧૦૨૦૫ર સંપર્ક કરવો. સંકલન : કિશોરભાઈ ઠક્કર

### પૂના

જય જલારામ દ્વારા છેલ્લા ૧૮ વર્ષથી કાર્યરત આંખની ઓપીડી કોરોના મહામારીના સમય દરમ્યાન બંધ હતી. જેને તા. ૭ સપ્ટેમ્બર, ૨૦૨૦ના રોજ આલંદી ખાતે આવેલ જલારામ મંદિરમાં ફરીથી આંખની ઓપીડી શરૂ કરવામાં આવી છે. અત્યાર સુધી ૩૦૦ દર્દીઓની આંખોનું ચેકઅપ તથા ૬૯ દર્દીઓનું મોતિયાનું ઓપરેશન વિનામૂલ્યે કરવામાં આવ્યું છે. સાથો સાથ આળંદીના આજુબાજુના ૧૨ ગામોમાં મફત દવાઓ અને ફ્રી ચેકઅપની સુવિધા આપવામાં આવી રહી છે. જેના માટે મોબાઈલ ડીસ્પેન્સરીની શરૂઆત કરવામાં આવી છે. આ સુવિધાનો લાભ લગભગ રોજ ૬૦ થી ૭૦ દર્દીઓ લઈ રહ્યા છે. આ સમગ્ર સુવિધા શ્રી પુના લોહાણા મહાજન દ્વારા થઈ રહી છે. સંકલન : ધીરૂભાઈ રાજા

# શ્રદ્ધા સુમન



પોરબંદરના સમાજ શ્રેષ્ઠી, ઊંડા સમાજ સેવક તથા માતૃસંસ્થાના મોટા દાતા શ્રી પ્રતાપભાઈ કલ્યાણજી દત્તાણીનું તા. ૨૩-૯-૨૦૨૦ ના રોજ દેહાવસાન થયેલ છે. સદ્‌ગતના આત્માને ચીર શાંતિ માટે માતૃસંસ્થા શ્રી લોહાણા મહાપરિષદના ટ્રસ્ટી ગણ, વરિષ્ઠ હોદ્દેદારો તથા સર્વ કારોબારી સભ્યો હૃદય પૂર્વકની ભાવાંજલિ અર્પણ કરે છે.

**ઉમંગ એચ. ઠક્કર** — ઉપપ્રમુખશ્રી

**પ્રવિણ ટી. કોટક** — પ્રમુખશ્રી

**હરીશ બી. ઠક્કર / પિયુષ જી. ગંઠા** — મંત્રીશ્રીઓ

# સાવચેતી એ જ સાચી સમજદારી...

આગામી સમયમાં આવનાર ઉત્સવો અને પ્રસંગોમાં

**વધુ સાવચેતી રાખીએ** અને **કોરોનાને હરાવીએ**

**કોવિડ-૧૯ નું સંક્રમણ અટકાવવા માટે જાગૃતિના પગલાં**

- માસ્ક પહેરો
- હાથ વારંવાર સાબુ કે સેનેટાઈઝરથી સાફ કરો
- બે મીટરનું અંતર રાખો

**કોવિડ-૧૯ ના સામાન્ય લક્ષણો**

- તાવ
- સૂકી ખાંસી
- શરદી
- ગળામાં દુખાવો
- શ્વાસ લેવામાં મુશ્કેલી

**તમે પણ કોરોના વોરીયર છો, હારશે કોરોના, જીતશે રઘુવંશી**

**- પ્રવિણ ટી. કોટક, પ્રમુખ સેવક, શ્રી લોહાણા મહાપરિષદ**

RNI NO. : GUJ/GUJ/2011/44815
'Registered under Postal Registration No. AHD-C/11/2020-2022 valid upto 31st December-2022
issued by SSPO's Ahmedabad City Division, permitted to post at Ahmedabad PSO on 5th of every month'
Date of Publication : 5th October 2020

7000 પરીવારોના અતુટ વિશ્વાસ બાદ
આપની વચ્ચે ફરી એકવાર....
"આપના આંગણે અમારૂ વધુ એક નવુ સોપાન"

અમદાવાદથી માત્ર 45 મીનીટના અંતરે...
રેસીડેન્સીયલ પ્લોટમાં રોકાણ કરવાની ઉત્તમ તક

# બાલાજી ઉપવન-૨

## માત્ર રૂા. 5999/- ના સરળ માસીક હપ્તે
## રોકડાનો ભાવ અલગથી રહેશે.

એકચ્યુલ સાઇટ ફોટો




- 100 થી 1000 વારના પ્લોટ
- એન.એ. ટાઇટલ કલીયર
- સેલ્સ પાર્ટનર આવકાર્ય

પ્રથમ ડ્રો નું ઇનામ
ઓડી A3



સાઇટ એડ્રેસ : બાલાજી ઉપવન, બગોદરા-તારાપુર ૬ લાઇન હાઇવે, બગોદરા, જી.અમદાવાદ

ડેવલોપર્સ
બાલાજય ઇન્ફ્રાસ્ટ્રકચર પ્રા.લી.

બુકિંગ સંપર્ક
M: 99793 69999
M: 95749 19999

નવરાત્રીની હાર્દિક શુભેચ્છાઓ - જયેન્દ્રભાઈ ઠક્કર પરિવાર અમદાવાદ.

Printed and Published by PRAVIN T. KOTAK on behalf of SHREE LOHANA MAHAPARISHAD and Printed at Print Vision Private Limited, Print Vision House, Lane Opp Ashwamegh Elegance 2, Ambawadi Market Ahmedabad – 380 006 and published from Shree Lohana Mahaparishad, Iscon Mega Mall Besement, Near Iscon Temple, S.G Highway AHMEDABAD - 380 059
Editor – CHANDRAKANT J. TANNA.